# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-04-2025** **EVENING : 7.50 to 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર **સંસ્કૃતિ ભૂંડીયા** વાંચે છે.

****************************************************

1) રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ લિસ્બનમાં પોર્ટુગલના તેમના સમકક્ષ માર્સેલો રેબેલો ડી'સોસા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી
2) કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું, સરકાર દેશની સરહદોની સુરક્ષા માટે ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ સિસ્ટમ તૈનાત કરી રહી છે
3) છત્તીસગઢમાં આજે 26 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું
4) ઘરેલુ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડરે 50 રૂપિયાનો વધારો-આવતીકાલથી અમલી
5) IPL ક્રિકેટમાં આજે રોયલ ચેલેન્જર બેંગલુરુ સામે મુંબઈ ઈન્ડિયન્સે ટોસ જીતીને ફિલ્ડિંગ પસંદ કરી

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV PREZ - PORTUGAL VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ આજે લિસ્બનમાં તેમના પોર્ટુગીઝ સમકક્ષ માર્સેલો રેબેલો ડી સોસા સાથે પ્રતિનિધિમંડળ સ્તરની વાતચીત કરી હતી. બેઠક બાદ સંયુક્ત મીડિયા સંબોધનમાં, રાષ્ટ્રપતિ મુર્મુએ ભારત-પોર્ટુગીઝ સંબંધોને ઐતિહાસિક ગણાવ્યા હતા જે હવે આધુનિક અને બહુ-પરિમાણીય ભાગીદારી તરીકે વિકસાવવામાં આવી રહ્યા છે.

**બાઇટ: રાષ્ટ્રપતિ (PREZ-INDO-PORTUGAL TIES)**

રાષ્ટ્રપતિએ પોર્ટુગીઝ સમકક્ષ સાથે દ્વિપક્ષીય સંબંધોના વિવિધ ક્ષેત્રોને આવરી લેતા વ્યાપક અને રચનાત્મક વાતચીત કરી.

**બાઇટ: રાષ્ટ્રપતિ(PREZ-INDIA-PORTUGAL TALKS)**

અગાઉના, રાષ્ટ્રપતિ મુર્મુએ પોર્ટુગીઝ રાષ્ટ્રીય કવિ લુઈસ વાઝ ડી કેમોએસની સમાધિ પર પુષ્પાંજલિ પણ અર્પણ કરી હતી.

રાષ્ટ્રપતિ મુર્મુ પ્રધાનમંત્રી લુઈસ મોન્ટેનેગ્રો અને સંસદના અધ્યક્ષ જોસ પેડ્રો અગુઆર બ્રાન્કોને પણ મળશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સન્માનમાં લિસ્બનના મેયર એક ખાસ કાર્યક્રમનું આયોજન કરશે. શ્રીમતી મુર્મુ પોર્ટુગલમાં ભારતીય સમુદાયના લોકોને પણ મળશે અને તેઓ વિવિધ વિશ્વવિદ્યાલયો અને શૈક્ષણિક સંસ્થાઓના ભારતીય સંશોધકોને મળશે તેવી શક્યતા છે.

# EVE AMIT SHAH -JAMMU

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે જણાવ્યું, સરકાર દેશની સરહદોની સુરક્ષા માટે ઇલેક્ટ્રોનિક સર્વેલન્સ સિસ્ટમ તૈનાત કરી રહી છે તેમજ જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ દ્વારા થતી ઘૂસણખોરીને રોકવા માટે ભૂગર્ભ ક્રોસ બોર્ડર ટનલ શોધી કાઢવા અને તોડી પાડવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરાશે.

કઠુઆ જિલ્લાના હીરાનગર સેક્ટરમાં આંતરરાષ્ટ્રીય સરહદ નજીક બોર્ડર આઉટપોસ્ટ 'વિનય' ની મુલાકાત દરમિયાન સરહદ સુરક્ષા દળ-BSFના જવાનોને સંબોધતા, શ્રી શાહે BSFના યોગદાનની પ્રશંસા કરી અને પડકારજનક પરિસ્થિતિઓમાં ફરજો બજાવવા બદલ સૈનિકોની પ્રશંસા કરી.

**(બાઇટ: અમિત શાહ)**

# VAISHNAW - CHHATTISGARH

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, ખારસિયા-નયા રાયપુર-પરમલકાસા વચ્ચેનો 5મો અને 6ઠ્ઠો નવો રેલવે લાઇન પ્રોજેક્ટ છત્તીસગઢમાં સમગ્ર રેલવે કનેક્ટિવિટીમાં પરિવર્તન લાવશે. નવી દિલ્હીમાં મીડિયા સાથે વાત કરતા શ્રી વૈષ્ણવે કહ્યું કે, આઠ હજાર 741 કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટનો સમાવેશ રેલવેના ટોચના દસ પ્રોજેક્ટ્સમાં થાય છે, જેને ગયા અઠવાડિયે કેબિનેટ બેઠકમાં મંજૂરી આપવામાં આવી હતી.

તેમણે કહ્યું કે, આ રેલ પ્રોજેક્ટ્સ બલોદા બજાર જેવા નવા વિસ્તારોને સીધો સંપર્ક પ્રદાન કરશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, આ પ્રોજેક્ટ હેઠળ, 21 નવા રેલવે મથક, 48 પુલ અને 349 નાના પુલ બનાવવામાં આવશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

**(ગોન્ગ મ્યુઝિક)**

# DEFENCE MINISTER - BEL

સંરક્ષણ મંત્રાલયે Mi-17 V5 હેલિકોપ્ટર માટે ઇલેક્ટ્રોનિક વોરફેર સ્યુટ અને એરક્રાફ્ટ મોડિફિકેશન કિટ્સ માટે ભારત ઇલેક્ટ્રોનિક્સ લિમિટેડ, બેંગલુરુ સાથે બે હજાર 385 કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. આજે નવી દિલ્હીમાં સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં આ કરાર પર હસ્તાક્ષર કરાયા હતા.

આ અત્યાધુનિક EW સ્યુટ પ્રતિકૂળ વાતાવરણમાં હેલિકોપ્ટરની ક્ષમતામાં નોંધપાત્ર વધારો કરશે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે મોટાભાગના ભાગો સ્વદેશી ઉત્પાદકો પાસેથી મેળવવામાં આવશે. આ પ્રોજેક્ટ ભારતીય ઇલેક્ટ્રોનિક્સ અને MSME સહિત સંકળાયેલ ઉદ્યોગોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપશે. Mi-17 V5 માટેનો સ્યુટ સ્વદેશી EW ક્ષમતાઓ વિકસાવવામાં એક મહત્વપૂર્ણ છલાંગ છે, જે મેક-ઇન-ઇન્ડિયા પહેલ સાથે સુસંગત રીતે દેશને આત્મનિર્ભર બનાવશે.

# CHHATTISGARH- MAOISTS

છત્તીસગઢના દાંતેવાડા જિલ્લામાં આજે 26 માઓવાદીઓએ આત્મસમર્પણ કર્યું છે. જેમાંથી ત્રણ માઓવાદીઓ પર સાડા ચાર લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આ માઓવાદીઓએ પોલીસ અધિક્ષક ગૌરવ રાય સમક્ષ આત્મસમર્પણ કર્યું હતું.

દરમિયાન, નારાયણપુર જિલ્લામાં, પાંચ મહિલા માઓવાદીઓએ પણ આત્મસમર્પણ કર્યું છે. તેમના પર એક-એક લાખ રૂપિયાનું ઇનામ જાહેર કરવામાં આવ્યું હતું. આત્મસમર્પણ કરનારા માઓવાદીઓને પ્રોત્સાહન તરીકે પચીસ હજાર રૂપિયાનો ચેક આપવામાં આવ્યો હતો. આ ઉપરાંત, તેમને નક્સલ પુનર્વસન નીતિ હેઠળ ઉપલબ્ધ તમામ પ્રકારની સુવિધાઓ આપવામાં આવશે.

# TRAI

ભારતીય ટેલિકોમ નિયમનકારી સત્તામંડળ-TRAI, એ માહિતી આપી છે કે તે સંદેશાઓ દ્વારા અથવા અન્યથા મોબાઇલ નંબર ડિસ્કનેક્ટ કરવા અંગે ગ્રાહકો સાથે વાતચીત શરૂ કરતું નથી. સંચાર મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તાજેતરના સમયમાં એવા ઘણા મીડિયા અહેવાલો આવ્યા છે કે TRAI અધિકારીઓ હોવાનો ઢોંગ કરીને છેતરપિંડી કરનારાઓ દ્વારા ટેલિફોનિક કૉલ્સ અથવા સંદેશાઓ દ્વારા ગ્રાહકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે.

આ છેતરપિંડી કરનારાઓ ગેરકાયદેસર પ્રવૃત્તિઓમાં સામેલ થવા અને નાણાં ઉઘરાવવા માટે મોબાઇલ જોડાણ કાપી નાખવાની ધમકી આપે છે. ટ્રાઇએ આવા હેતુઓ માટે ગ્રાહકોનો સંપર્ક કરવા માટે કોઈ તૃતીય-પક્ષ એજન્સીને પણ અધિકૃત કરી નથી. મંત્રાલયે જણાવ્યું હતું કે TRAI તરફથી હોવાનો દાવો કરતી અને મોબાઇલ નંબર ડિસ્કનેક્ટ કરવાની ધમકી આપતી કોઈપણ પ્રકારની વાતચીતને સંભવિત છેતરપિંડીનો પ્રયાસ ગણવો જોઈએ.

# IPL

ઇન્ડિયન પ્રીમિયર લીગ- IPL ટી-20 ક્રિકેટની 20મી મેચ આજે મુંબઈ ઇન્ડિયન્સ અને રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરુ વચ્ચે રમાઈ રહી છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાતી આ મેચમાં મુંબઈ ઇન્ડિયન્સે ટૉસ જીતીને પ્રથમ બૉલિંગ કરવાનો નિર્ણય કર્યો છે. મુંબઈની ટીમ હાર્દિક પંડ્યા અને બેંગ્લુરુની ટીમ રજત પાટીદારના સુકાની હેઠળ રમી રહી છે.

હાલમાં મળતાં અહેવાલ મુજબ, બેંગ્લુરુની ટીમે 5 ઑવરમાં 1 વિકેટ ગુમાવી 53 રન બનાવ્યા છે.

# EXCISE DUTY

કેન્દ્ર સરકારે પેટ્રોલ અને ડીઝલ પરના આબકારી કરમાં પ્રતિ લિટરે બે રૂપિયાનો વધારો કરવાનો નિર્ણય લીધો છે. જો કે, ઓઇલ માર્કેટિંગ કંપનીઓએ સ્પષ્ટતા કરી છે કે બંને પેટ્રોલિયમ ઉત્પાદનોના છૂટક ભાવમાં કોઈ વધારો કરવામાં આવશે નહીં. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રી હરદિપસિંહ પુરીએ કહ્યું આબકારી કરમાં કરાયેલાં વધારાની ગ્રાહકો પર અસર નહીં પડે.આબકારી કરમાં કરાયેલો વધારો આવતીકાલથી લાગુ થશે.

શ્રી પુરીએ વધુમાં જણાવ્યું, ઘરેલુ રાંધણ ગેસ સિલિન્ડરના ભાવમાં પ્રતિ સિલિન્ડરે 50 રૂપિયાનો વધારો કરાયો છે. આવતીકાલથી ઉજ્જવલા યોજનાના લાભાર્થીઓ માટે ગેસ સિલિન્ડરની કિંમત 550 રૂપિયા અને બાકીના લોકો માટે 853 રૂપિયા થશે.

# SHARE MARKET

વિશ્વમાં વેપાર યુદ્ધના વધતા ભય વચ્ચે સ્થાનિક શેર બજારોમાં આજે સર્વાંગી વેચવાલી જોવા મળી હતી. મુખ્ય સૂચકાંકો લગભગ ત્રણ ટકાની ખોટ સાથે બંધ થયા હતા. સેન્સેક્સ અને નિફ્ટી બંનેમાં ગયા વર્ષે 4 જૂન પછીનો સૌથી મોટો એક દિવસીય ઘટાડો નોંધાયો હતો. અમેરિકાએ જવાબી ટેરિફની જાહેરાત કર્યા પછી વિશ્વભરના શેર બજારોમાં ઘટાડો થઈ રહ્યો છે. જોકે, અન્ય બજારોની સરખામણીએ ભારતીય શેરબજારમાં ઓછો ઘટાડો નોંધાયો હતો.

બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક સેન્સેક્સ 2 હજાર 227 પોઈન્ટ ઘટીને 73 હજાર 138 પર જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી 743 પોઈન્ટ ઘટીને 22 હજાર 162 પર બંધ થયો હતો. નાના અને મિડકેપ શેરોમાં પણ વેચવાલી જોવા મળી હતી. બીએસઈનો મિડકેપ સૂચકાંક 3.4 ટકાથી વધુ ઘટ્યો હતો. જ્યારે સ્મોલ-કેપ સૂચકાંકમાં 4.1 ટકાથી વધુનો ઘટાડો થયો હતો.

# BIHAR - RAHUL

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ જણાવ્યું કે પક્ષમાં સંગઠનાત્મક સ્તરે ઘણા ફેરફારો કરવામાં આવી રહ્યા છે. બિહારના પટનામાં એક કાર્યક્રમને સંબોધતા કોંગ્રેસ નેતાએ સ્વીકાર્યું કે અગાઉ બિહારમાં કેટલીક ભૂલો કરવામાં આવતી હતી પરંતુ હવે પક્ષ સમાજના તમામ વર્ગોને સાથે લઈને ચાલશે.

શ્રી ગાંધીએ ઉમેર્યું હતું કે પક્ષના બે તૃતીયાંશ જિલ્લા પ્રમુખોની નિમણૂક એસસી, એસટી, ઓ.બી.સી., લઘુમતી અને અન્ય નબળા વર્ગોમાંથી કરવામાં આવી છે. અગાઉ, શ્રી ગાંધીએ સ્થળાંતર અને બેરોજગારીની સમસ્યા પર તેમની પાર્ટી દ્વારા આયોજિત બેગુસરાય ખાતેની પદયાત્રામાં હાજરી આપી હતી.